<u>નવી બાબત: ૨૦૨૫-૨૬</u>

એસસીડબલ્યુ-31: સમરસ કન્યા છાત્રાલયોના મકાન બાંધકામ માટે રૂ.૨૩.૩૨/- કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/SHC/e-file/17/2024/2776/K Section**

સચિવાલય, ગાંધીનગર

તા.**As Per E-sign.**

## વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.) નો તા.૨૦/૧૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ/૨૦૨૪-૨૫/૮૪૯૦

(૨) નિયામકશ્રી(અ.જા.ક.) નો તા.૨૪/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અ.જા.ક. /ગ/૨૦૨૪-૨૫/૧૭૭૮-૧૭૮૦

## પ્રસ્તાવના:-

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિનાં વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી ઉચ્ચ શિક્ષણ સારી રીતે પ્રાપ્ત કરી તે શકે હેતુથી રાજ્યની યુનિવર્સિટીના કેમ્પસમાં રહેવા-જમવા માટે સગવડ આપવાના હેતુથી સમરસ છાત્રાલયો ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧)પરના નિયામકશ્રી (અ.જા.ક.)ના તા.૨૦/૧૨/૨૦૨૪ના પત્રથી (૧) સમરસ કન્યા છાત્રાલય, જુનાગઢ (૨)સમરસ કન્યા છાત્રાલય, અમરેલી (૩) સમરસ કન્યા છાત્રાલય, વલસાડ (૪) સમરસ કન્યા છાત્રાલય, અમદાવાદ (યુનિટ- ૨) (૫) સમરસ કન્યા છાત્રાલય, સુરત (યુનિટ-૨) (૬) સમરસ કન્યા છાત્રાલય, રાજકોટ (યુનિટ-૨) અને (૭) સમરસ કન્યા છાત્રાલય, વડોદરા (યુનિટ-૨)ના મકાન બાંધકામ માટેની ૩૨.૨૨/- કરોડની નવી બાબતનો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. ઉક્ત ૦૭ છાત્રાલયોના મકાન બાંધકામનાં કુલ બ્લોક અંદાજો માટે રૂ.૩૨.૨૨/- કરોડની જોગવાઇનો નાણાકીય વર્ષ :૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૪/૦૩/૨૦૨૫ના પત્રથી ૦૭ છાત્રાલયોના મકાન બાંધકામ માટે રૂ.૩૨.૨૨/- કરોડની જોગવાઇને ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, (૧) સમરસ કન્યા છાત્રાલય, જુનાગઢના મંજૂર થયેલ કુલ રૂ.૫૧.૪૧ કરોડના બ્લોક અંદાજ સામે રૂ.૧૭.૩૨/- કરોડ ખર્ચ કરવાની (**TPI** માટે ૧.૫% લેખે ગણતરી કરી વધારાનાં બાદ કરવામાં આવેલ છે) (૨) સમરસ કન્યા છાત્રાલય, અમરેલીનાં બાંધકામનું બ્લોક એસ્ટીમેટ મળેલ ન હોવાથી ટોકન વહીવટી મંજૂરી લેખે રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની (૩) સમરસ કન્યા છાત્રાલય, વલસાડના મંજૂર થયેલ કુલ ૪૭.૬૦/-કરોડના બ્લોક અંદાજ સામે ૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની (૪) સમરસ કન્યા છાત્રાલય, અમદાવાદ (યુનિટ-૨)ના મંજૂર થયેલ રૂ.૧૪૮.૧૨/-કરોડના બ્લોક અંદાજ સામે રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની (૫) સમરસ કન્યા છાત્રાલય, સુરત (યુનિટ-૨)ના મંજૂર થયેલ રૂ.૧૬૯.૮૯/- કરોડના બ્લોક અંદાજ સામે રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની (ફાઉન્ડેશન માટે રૂ.૫.૦૦ લાખ જ મંજુર)(૬) સમરસ કન્યા છાત્રાલય, રાજકોટ (યુનિટ-૨)ના મંજૂર થયેલ રૂ.૧૨૫.૯૧/- કરોડના બ્લોક અંદાજ સામે રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની (ફાઉન્ડેશન માટે રૂ.૫.૦૦ લાખ જ મંજુર) તથા (૭) સમરસ કન્યા છાત્રાલય,વડોદરા (યુનિટ-૨) નાં મંજૂર થયેલ રૂ.૧૩૧.૬૬/- કરોડના બ્લોક અંદાજ સામે રૂ.૧.૦૦/-કરોડ ખર્ચ કરવા (ફાઉન્ડેશન માટે રૂ.૫.૦૦ લાખ જ મંજુર તથા **TPI** માટે ૧.૫% લેખે ગણતરી કરી વધારાનાં બાદ કરવામાં આવેલ છે) બાબતની મકાન બાંધકામની યોજના હેઠળ કુલ રૂ.૨૩.૩૨/- કરોડની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

